(૧૦)

**પ્ર.૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. શ્રાવક ત્રસ જીવોની હિંસાનો ત્યાગ શા માટે કરે છે?

**જ. શ્રાવકને પૃથ્વી આદિ ૫ સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ કરવાની ઈચ્છા હોવા છતાં પણ તે હિંસા સંપૂર્ણ છોડી શકતો નથી. જ્યારે ત્રસ જીવોમાં સ્થાવર જીવો કરતા ઈન્દ્રિય, યોગ, પ્રાણ વધારે હોય છે તેથી તેને મારવાથી દુ:ખ વધુ થાય છે. તેથી તેમની હિંસાથી વધુ પાપ લાગે છે.**

૨. શું સાધુ–સાધ્વીજી દાનને પાત્ર છે?

**જ. સાધુ–સાધ્વીજીને દાન દેવું એ સુપાત્રદાન છે, તેથી ૧૨ મા વ્રતમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વ્રતધારી શ્રાવક, પ્રતિમાધારી શ્રાવક અને સ્વધર્મીને પણ દાન કરી શકાય છે. તે સિવાય બીજાને અપાતું દાન અનુકંપા દાન છે.**

૩. કાયાથી લાગતા પાપ કેટલા? તેના ભંગ કેટલા? કયા?

**જ. કાયાથી લાગતા પાપ પાંચ છે. પ્રાણાતિપાત, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, રઈ–અરઈ આ ૫. પાંચ કરવું, કરાવવું, અનુમોદવું એ ત્રણથી ગુણતા ૧૫ થાય તેને મન, વચન અને કાયાથી ગુણતા ૧૫×૩=૪૫ થાય.**

૪. આહાર સંબંધી બ્રહ્મચર્યની ગુપ્તિ કઈ છે?

**જ. ૭) સ્વાદિષ્ટ તેમ જ મજબૂત પ્રણિત આહાર કરવો નહિ, ત્રિદોષી (વાત, કફ ને પિત્ત) અને ઘૃતના દષ્ટાંતે.**
**૮) મર્યાદાકાળે ધર્મયાત્રા નિમિત્તે જોઈએ તેથી વધારે આહાર કરવો નહિ, કાગળની કોથળીમાં નાણાના દષ્ટાંતે.**

૫. તિર્યંચ શ્રાવકોની સંખ્યા કેટલી છે? તેઓ શ્રાવક કેવી રીતે બને છે?

**જ. અઢીદ્વીપમાં તિર્યંચ શ્રાવકોની સંખ્યા સંખ્યાતા અને અઢીદ્વીપ બહાર અસંખ્યાતા છે. તેઓ જાતિસ્મરણ જ્ઞાન દ્વારા, અવધિજ્ઞાન દ્વારા, એકબીજાને બોધ આપવાથી કે મનુષ્ય ક્ષેત્રમાં તીર્થંકરની વાણી સાંભળીને શ્રાવક બને.**

(૭૫)

**પ્ર.૨ (અ) પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે જવાબ લખો.　(૩૦)**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.　(૨૦)**

૧. દાણાણ **સેટ્ઠં અભયપ્પયાણં, સચ્ચેસુ વા અણવજ્જં વયંતિ।**
**તવેસુ વા ઉત્તમ બંભચેરં, લોગુત્તમે સમણે** ણાયપુત્તે ॥
**અર્થ : દાનમાં અભયદાન, સત્ય વચનમાં અનવદ્ય વચન, તપમાં બ્રહ્મચર્ય શ્રેષ્ઠ છે તેમ લોકમાં ઉત્તમ શ્રમણ જ્ઞાતપુત્ર શ્રી ભગવાન મહાવીર શ્રેષ્ઠ હતા.**

૨. અણુત્તરં **ધમ્મમિણં જિણાણં, ણેયા મુણી કાસવ આસુપણ્ણે।**
**ઈંદે વ દેવાણ મહાણુભાવે, સહસ્સણેયા દિવિ ણં વિસિટ્ઠે ॥**
**અર્થ : દેવલોકને વિશે ઈંદ્ર જેમ દેવોમાં મહાપ્રભાવક, હજારો દેવોના નાયક અને સર્વોત્તમ છે તેમ સર્વ તીર્થંકરો એ પ્રરૂપેલો આ જે સર્વોત્તમ ધર્મ છે તેને પ્રકાશ કરનાર કાશ્યપ ગોત્રી, આસુપ્રજ્ઞ અને કેવળજ્ઞાની શ્રી મહાવીર દેવ સર્વથી ઉત્તમ હતા.**

૩. સયં **સહસ્સાણ ઉ જોયણાણં, તિકંડગે પંડગ વેજયંતે।**
**સે જોયણે ણવણવઈ સહસ્સે, ઉડ્ઢુસ્સિતો હેટ્ઠ** સહસ્સમેગં ॥
**અર્થ : તે મેરૂ પર્વત એક લાખ યોજનનો ઊંચો છે. તેમાં ત્રણ કાંડ છે. ટોચ ઉપર પંડગવન ધ્વજની માફક શોભી રહ્યું છે. તે મેરૂ પર્વત ૯૯૦૦૦ યોજન જમીનથી ઊંચો અને ૧૦૦૦ યોજન નીચે જમીનમાં ઊંડો છે.**

૪. ખેયન્ને **સે કુસલે મહેસી, અણંતનાણી ય અણંતદંસી।**
**જસંસિણો ચક્ખુપહે ઠિયસ્સ, જાણાહિ ધમ્મં ચ ધિઈં ચ** પેહિ ॥

**અર્થ : તે ભગવાન મહાવીર સંસારી જીવોના દુઃખોને જાણતા હતા. કર્મોના છેદનમાં કુશળ, મહાન ઋષિ, અનંતજ્ઞાની અને અનંતદર્શી હતા. તેઓ ઉત્કૃષ્ટ યશવાળા હતા. મોક્ષમાર્ગ પર તેઓના ચક્ષુ સ્થિર હતા. તેમના શ્રુત–ચારિત્રરૂપ ધર્મને જાણો તથા ધર્મપાલનની દઢ ધૈર્યતાને જુઓ.**

૫. મહિએ **મજ્ઝંમિ ઠિએ ણગિંદે, પણ્ણાયતે સૂરિએ સુદ્ધલેસે।**
**એવં સિરિએ ઉસ ભૂરિવણ્ણે, મણોરમે જોયઈ** અચ્ચિમાલી ॥

**અર્થ : પૃથ્વીના મધ્યભાગમાં સ્થિત સર્વ પર્વતોનો ઈન્દ્ર, મેરૂ પર્વત સૂર્યની જેમ શુદ્ધ કાંતિવાળો પ્રતીત થાય છે. એ જ રીતે પોતાની શોભાથી અનેક પ્રકારના રત્નોના વર્ણોએ કરી મનને આનંદ આપે છે અને સૂર્યની જેમ સર્વ દિશાઓને પ્રકાશિત કરે છે.**

**(૨) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

| | જવાબ | | જવાબ | | જવાબ |
|---|---|---|---|---|---|
| ૧. તઓવમે | **તેવી ઉપમાએ** | ૨. ઉવટ્ઠિએ | **ઉદ્યત, સ્થિત** | ૩. પવ્વદુગ્ગે | **દુર્ગમ પર્વત** |
| ૪. વિરાયએ | **શોભાયમાન** | ૫. ખોઓદએ | **ઈક્ષુ રસ** | ૬. પરમં | **પરમ** |

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૩)**

૧. જેની – **જં** ૨. શ્રેષ્ઠ ધ્યાન – **ઝાણવરં** ૩. સંગ્રહ – **સણ્ણિહિં**

**(૪) નીચેના વાક્ય કઈ ગાથાના છે? તે ગાથા લખો. અર્થ નહિ (૪)**

**૧. પરમશ્રેષ્ઠ જ્ઞાની બીજા કોઇ નથી.**

**જ. ઠિઈણ સેટ્ઠા લવસત્તમા વા, સભા સુહમ્મા વ સભાણ સેટ્ઠા।**
**ણિવ્વાણસેટ્ઠા જહ સવ્વધમ્મા, ણ ણાયપુત્તા પરમત્થિ ણાણી॥**

૨. પ્રકાશિત ભૂમિની જેમ દેદીપ્યમાન છે.

**જ. સે પવ્વએ સદ્દમહપ્પગાસે, વિરાયઈ કંચણ મટ્ઠવણ્ણે।**
**અણુત્તરે ગિરિસુ ય પવ્વદુગ્ગે, ગિરીવરે સે જલિએ વ ભોમે॥**

**(આ) કાયસ્થિતિના આધારે જવાબ લખો. (૩૦)**

**(૧) કોઠો બનાવીને નીચેના બોલની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ લખો. (૧૦)**

૧. શીંગોડા ૨. પુરુષવેદ

**જ.**

| **બોલનું નામ** | **જઘન્ય સ્થિતિ** | **ઉત્કૃષ્ટ સ્થિતિ** |
|---|---|---|
| ૧. શીંગોડા | **અંતર્મુહૂર્ત** | **૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ** |
| ૨. પુરુષવેદ | **અંતર્મુહૂર્ત** | **પ્રત્યેક સો સાગર સાધિક** |
| ૩. શ્રુતઅજ્ઞાન સા.સાં. | **અંતર્મુહૂર્ત** | **દેશે ઉણું અર્ધ પુદ્ગલ પરાવર્તન** |
| ૪. વેદક સમકિત | **૧ સમય** | **૬૬ સાગર અધિક** |
| ૫. માન કષાય | **અંતર્મુહૂર્ત** | **અંતર્મુહૂર્ત** |
| ૬. આહારક કેવળી | **અંતર્મુહૂર્ત** | **દેશે ઊણું પૂર્વક્રોડ વર્ષ** |
| ૭. ડાંસ | **અંતર્મુહૂર્ત** | **સંખ્યાતો કાળ** |
| ૮. અનિન્દ્રિય | **–** | **સાદિ અનંત** |
| ૯. કાળ | **–** | **સર્વ કાળ** |
| ૧૦. સામાયિક ચારિત્ર | **૧ સમય** | **દેશે ઊણું પૂર્વક્રોડ વર્ષ** |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૫)**

૧. કાયસ્થિતિની પહેલી ગાથા લખી તેમાં આવતા દ્વારના નામ લખો. બાદરકાળ એટલે શું? (૫)

**જ. જીવ ગઈ ઈન્દિય કાએ જોગે, વેદે ય કસાય લેસ્સા ય।**
**સમ્મત્ત નાણ દંસણ, સંજય ઉવઓગ આહારે॥**

**૧) જીવ ૨) ગતિ ૩) ઈન્દ્રિય ૪) કાય ૫) જોગ ૬) વેદ ૭) કષાય ૮) લેશ્યા ૯) સમ્યક્ત્વ ૧૦) જ્ઞાન ૧૧) દર્શન ૧૨) સંયત ૧૩) ઉપયોગ ૧૪) આહાર.**
**બાદર કાળ–દ્રવ્યથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળ ક્ષેત્રથી આંગુલના અસંખ્યતમા ભાગ જેટલો લોક કાળથી અસંખ્યાતો કાળ ભાવથી બાદર કાળ.**

૨. જુગલિયા કાળમાં ભરતમાં કેટલી અને કઈ દૃષ્ટિ હોય છે? તેની સ્થિતિ લખો. (૪)

**જ. બે. સમકિત અને મિથ્યાત્વ. સમકિત – સાદિ સાંત, સાદિ અનંત. સાદિ સાંત જ. અંત. ઉ. ૬૬ સાગર અધિક, મિથ્યાત્વ અનાદિ અનંત, સાદિ સાંત, સાદિ અનંત. સાદિ સાંત જ. અંત. ઉ. દેશે ઉણું અર્ધ પુદ્ગલ પરાવર્તન.**

૩. કૃષ્ણ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી? કેવી રીતે? (૨×૩)

**જ. કૃષ્ણ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગર ને અંત. અધિક. કોઇ ગર્ભજ મનુષ્ય કે તિર્યંચ આયુષ્યના અંતિમ અંત.માં કૃષ્ણલેશી હોય અને કાળ કરીને સાતમી નરકે ઉપજે ત્યાં આખો ભવ કૃષ્ણલેશી રહે, ત્યાંથી કાળ કરી તિર્યંચના ભવમાં પ્રથમ અંત. સુધી કૃષ્ણલેશી રહે છે ત્યારબાદ તેની લેશ્યા અવશ્ય બદલાઈ જાય છે.**

૪. અવધિદર્શનની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કેટલી છે? કેવી રીતે? (૨ થી ૩ લીટીમાં)

**જ. અવધિદર્શનની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ૧૩૨ સાગર સાધિક છે. વિભંગજ્ઞાનવાળો મનુષ્ય ૧૨ દેવલોકમાં ૨૨ સાગરની સ્થિતિએ વિભંગજ્ઞાન લઈને આવે અને ત્યાંથી અવધિજ્ઞાન લઈને જાય. આવી રીતે ૩ વાર થાય તો કુલ ૬૬ સાગર થાય. તે દેવ ભવોની વચ્ચે મનુષ્યના ભવ થાય તેને સાધિકમાં ગણવા.**

૫. ચાલતા ઘોડાની સ્થિતિ લખો. કેવી રીતે?

**જ. ચાલતા ઘોડાની સ્થિતિ જ. અંત. ઉ. ૩ પલ્યમાં અંત. ઉણી. અપર્યાપ્ત અવસ્થાનું એક અંત. ઓછું કરી પર્યાપ્તાની ઉ. કાયસ્થિતિ સમજવી.**

**(૩) ખાલી જગ્યા પૂરો. (૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧. વંટોળિયામાં જીવ ....... અને સૂરણમાં જીવ ....... પસાર કરે છે. | **અસંખ્યાતો કાળ, અનંતકાળ** |
| ૨. ....... અને ........ અવસ્થામાં યોગનો સર્વથા અભાવ છે. | **૧૪ મા ગુણ., સિદ્ધ** |
| ૩. શ્રેણી ........ અને ....... નો કુલ કાળ અંતર્મુહૂર્ત છે. | **ચડવા, પડવા** |
| ૪. ........ અને ........ માંથી વિભંગજ્ઞાન લઈને બહાર નીકળાતું નથી. | **નારકી, દેવ** |
| ૫. કાય પરિત્ત એટલે ....... ....... . | **પ્રત્યેક શરીરી** |

**(ઇ) બાર તપના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૨)**

૧. ઈંગિત મરણનું સ્વરૂપ લખો. તે કયા તપનો ભેદ છે?

**જ. જાવજ્જીવ પર્યંત ચારે આહારનો ત્યાગ કરવો. શરીર સંસ્કાર, હલનચલન, પ્રતિક્રમણ આદિ જરૂરથી કરે. દિશાની મર્યાદા કરે, વિહાર ન કરે, વૈયાવચ્ચ કરાવે અથવા ન કરાવે. તેના બે ભેદ છે ૧) વ્યાઘાત અને ૨) નિર્વ્યાઘાત. તે અનશન તપનો ભેદ છે.**

૨. અપ્રશસ્ત કાય વિનયના ભેદ લખો.

**જ. અપ્રશસ્ત કાય વિનયના ૭ ભેદ – અયત્નાથી ચાલે, ઊભો રહે, બેસે, શયન કરે, ઓળંગે, વારંવાર ઓળંગે સર્વ ઈન્દ્રિયો અને કાયાની પ્રવૃત્તિ અયત્નાથી કરે.**

૩. રસપરિત્યાગ તપના કોઇપણ ચાર મુદ્દા લખો.

**જ. ૧) વિગય રહિત આહાર લે. ૨) પ્રણીત રસ આહારનો ત્યાગ કરે. ૩) આયંબીલ કરે. ૪) ઓસામણ અને તેમાં પડેલા ભાત લે. ૫) વઘાર વિનાનો નીરસ આહાર લે. ૬) જે રસહીન, જૂનો થઈ ગયો હોય તેવો આહાર લે. ૭) હલકા પ્રકારના ચણા, વાલા આદિનો આહાર કરે. ૮) ભોજન કર્યા બાદ વધેલો હોય તેવો આહાર લે. ૯) રુક્ષ કે જીભને અપ્રિય લાગે તેવો આહાર કરે.**

૪. પ્રતિસંલીનતા તપના ભેદ કેટલા છે? તેમાંથી ઈન્દ્રિય પ્રતિસંલીનતા તપના ભેદ લખી સમજાવો.

**જ. પ્રતિસંલીનતા તપના ભેદ ૧૩ છે. તેમાં ઈન્દ્રિય પ્રતિસંલીનતા તપના ૫ ભેદ છે. સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય–તે પાંચે ઈન્દ્રિયોને પોતપોતાના વિષયમાં જતી રોકવી, પ્રાપ્ત વિષયમાં વિકાર ન કરવો.**

૫. વૈયાવચ્ચ એટલે શું? તેના ભેદ કેટલા છે? પહેલા ચાર ભેદના નામ લખો.

**જ. વૈયાવચ્ચ એટલે આહાર, પાણી, ઔષધ આદિથી સેવા કરવી. તેના દશ ભેદ છે. ૧) આચાર્યની વૈયાવચ્ચ કરે. ૨) ઉપાધ્યાયની વૈયાવચ્ચ કરે. ૩) નવદીક્ષિતની વૈયાવચ્ચ કરે. ૪) રોગીની વૈયાવચ્ચ કરે.**

૬. ધર્મકથાના ભેદ અર્થ સાથે લખો.

**જ. ૧) આક્ષેપણી – મોક્ષની નજીક કરે. ૨) વિક્ષેપણી – સંસારથી દૂર કરાવે. ૩) સંવેગણી – વૈરાગ્યભાવને વધારનારી. ૪) નિર્વેદણી – વિષય–કષાયની અભિલાષા દૂર કરાવી આત્માને વિકાર રહિત બનાવે.**

**(૨) નીચેના કાર્યો ક્યા તપના છે? (૩)**

| | જવાબ |
|---|---|
| ૧. છ માસની દીક્ષા ઘટાડે. | **પ્રાયશ્ચિત્ત** |
| ૨. ઠંડી દૂર કરવા લાક્ડા ન જલાવે. | **કાયક્લેશ** |
| ૩. હિંસામાં આનંદ માનવો. | **ધ્યાન** |
| ૪. કોપયુક્ત વચન ન બોલવા. | **ઉણોદરી** |
| ૫. માંગલિક બોલે ત્યાં સુધી આહાર લે. | **વૃત્તિસંક્ષેપ** |
| ૬. ક્રોધ આવે તો ક્રોધ ન કરવો. | **કાઉસ્સગ્ગ** |

(૧૫)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ગૌતમ સ્વામી અને કેશી સ્વામીના શિષ્યો કેવી શંકા કરતા હતા? (૩×૩)

**જ. આ પ્રકારે શંકા કરતા હતા કે આ અમારો ધર્મ કેવો છે? અને તેમનો આ ધર્મ કેવો છે? તથા અમારી આચાર ધર્મની વ્યવસ્થા એટલે બાહ્ય વેષ, ધારણા આદિ ક્રિયા કેવી છે? અને તેમની આચાર ધર્મની વ્યવસ્થા કેવી છે? ભગવાન પાર્શ્વનાથે અમને ચાર મહાવ્રતવાળો ધર્મ કહ્યો છે અને વર્ધમાન સ્વામીએ પાંચ મહાવ્રતવાળો ધર્મ કહ્યો છે તો આ ભેદનું કારણ શું છે?**

૨. બંધનમુક્ત અને હળવા થઈને કેવી રીતે વિચરવાનું છે?

**જ. રાગ–દ્વેષ તેમ જ પુત્ર–પરિવાર, સ્વજન આદિ સ્નેહનું બંધન ભયંકર છે. ઉપાયો દ્વારા તે બંધનોનું છેદન કરીને અને સર્વથા પ્રકારે નાશ કરી હું બંધનમુક્ત તેમ જ વાયુની સમાન હળવો બનીને વિચરું છું. એકત્વ ભાવના, અનિત્ય ભાવના, અશરણ ભાવના વગેરે આગમવિધિ અને આજ્ઞા અનુસાર તે સ્નેહબંધનને તોડીને હું સાધુધર્મની નીતિ અને આચારમાં શાંતિપૂર્વક વિચરણ કરું છું.**

૩. ઉન્માર્ગ અને સન્માર્ગ કયો છે?

**જ. જેઓ સન્માર્ગે ચાલે છે અને ઉન્માર્ગે ચાલે છે તે બધા માર્ગોને મેં જાણી લીધા છે. કુપ્રવચનને માનનારા જે પાસંડી લોકો છે તે સર્વે જીવો ધર્મ વિરુદ્ધ આચરણ કરીને, ઉન્માર્ગે ચાલીને દુર્ગતિમાં રખડે છે. જિનેન્દ્ર ભગવાન દ્વારા પ્રરૂપિત માર્ગ સન્માર્ગ છે, તે માર્ગ કેવળીઓનો છે, અનેકાંતથી પરિપૂર્ણ છે અને તે માર્ગે જનારા પૂર્ણતાને પ્રાપ્ત કરે છે.**

૪. શેનો આશ્રય લઈને પ્રાણી સંસારરૂપી દ્વીપ પાર ઉતારે છે? શા માટે? (૨×૩)

**જ. સમુદ્રની મધ્યમાં એક વિશાળ મહાદ્વીપ છે ત્યાં મહાવેગવાન જળપ્રવાહની ગતિ થઈ શકતી નથી. જન્મ, જરા, મરણના વેગમાં તણાતા ધર્મરૂપી દ્વીપનો આશ્રય લઈને પ્રાણીઓ માટે ધર્મ દ્વીપ છે, આધારરૂપ છે.**

૫. ભયંકર અગ્નિ કઈ છે? તેને કેવી રીતે શાંત કરવાની છે? ક્યા જીવો પોતાના કષાયોને શાંત કરે છે?

**જ. ક્રોધ, માન, માયા અને લોભરૂપી કષાય એ ભયંકર અગ્નિ છે જે આત્મગુણોને બાળે છે. મહામેઘથી ઉત્પન્ન**

**થયેલું સર્વથી ઉત્તમ જળ ગ્રહણ કરીને અગ્નિને શાંત કરવાની છે. ભવી જીવો પોતાના કષાયોને શાંત કરે છે.**

૬. સંશયનું સમાધાન થયા પછી કેશીકુમાર શ્રમણે ગૌતમ સ્વામીને શું કહ્યું?

**જ. હે ગૌતમ ! આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે, આપે મારા સર્વ સંશય દૂર કર્યા છે. હે સંશયાતીત ! અર્થાત્ આપનું શ્રુતજ્ઞાન એવું નિર્મળ અને સ્પષ્ટ છે કે કોઈ સંશય કે શંકા રહે નહિ. હે સર્વશ્રુત મહોદધિ ! એટલે કે સર્વ શાસ્ત્રોના સંપૂર્ણ જ્ઞાતા, ૪ જ્ઞાન અને ૧૪ પૂર્વના ધારક, શ્રુતકેવળી આપને હું નમસ્કાર કરું છું.**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૨)**

૧. કિં **શર્વરીષુ શશિનાઽહ્નિ વિવસ્વતા વા? યુષ્મન્મુખેન્દુ દલિતેષુ તમસ્સુ નાથ !**
**નિષ્પન્ન શાલિવન શાલિનિ જીવલોકે, કાર્યં કિયજ્જલધરૈર્જલભાર** નમ્રૈઃ ॥

**અર્થ : આપનું મુખચંદ્ર અંધકારને જ્યારે દૂર કરે છે, પછી રાત્રે ચંદ્રનું અને દિવસે સૂર્યનું શું પ્રયોજન? પાકી ગયેલા ડાંગરના ખેતરોથી સુશોભિત બનેલા આ જગતમાં જળના ભાર વડે નમી ગયેલા વાદળોનું શું પ્રયોજન? કશું જ નહિ.**

૨. સ્ત્રીણાં **શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્, નાન્યા સૂતં ત્વદુપમં જનની પ્રસૂતા ।**
**સર્વાદિશો દધતિભાનિ સહસ્ત્ર રશ્મિં, પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુ** જાલમ્ ॥

**અર્થ : હે નાથ ! આ જગતમાં સ્ત્રીઓ લાખો પુત્રોને જન્મ આપે છે પરંતુ તમારી માતા સિવાય કોઈપણ બીજી સ્ત્રીએ તમારા જેવા પનોતા પુત્રને જન્મ આપ્યો નથી. તે એવી રીતે કે જેમ અન્ય સઘળી દિશાઓ તારાઓને ધારણ કરે છે પરંતુ પૂર્વ દિશા જ એક એવી છે કે જે પ્રકાશમાન કિરણના સમૂહથી યુક્ત એવા સૂર્યને જન્મ આપે છે.**

૩. ચિત્રં **કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિ, નીતં મનાગપિ મનો ન વિકારમાર્ગમ્ !**
**કલ્પાન્ત કાલ મરુતા ચલિતાચલેન, કિં મંદરાદ્રિશિખરં ચલિતં** કદાચિત્ **?**

**અર્થ : હે નિર્વિકારી પ્રભુ ! દેવાંગનાઓ તમારા મનને જરાપણ વિકારમય બનાવી ન શકી તો તેમાં આશ્ચર્ય શું છે? કારણ કે બીજા બધા પર્વતોને ચલાયમાન કરનાર પ્રલયકાળનો પવન પણ શું કદી મેરૂ પર્વતના શિખરને કંપાવી શકે છે ખરો?**

૪. મન્યે **વરં હરિ હરાદય એવ દષ્ટા, દષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ।**
**કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ, કશ્ચિન્મનો હરતિ નાથ !** ભવાંતરેઽપિ ॥

**અર્થ : હે નાથ ! હું માનું છું કે વિષ્ણુ, શંકર આદિ દેવોને જોયા તે સારું જ થયું કારણ કે એમને જોયા છતાં મારું મન તો આપને વિષે જ સંતોષ પામે છે. આપને જોયા પછી હવે આ લોકમાં એકવાર પણ અન્ય કોઈ દેવ મારા મનને હરી શકશે નહિ.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૩)**

૧. ખેતરો શેનાથી સુશોભિત છે?

**જ. ખેતરો પાકી ગયેલા ડાંગરથી સુશોભિત છે.**

૨. વીતરાગ માર્ગ કેવો છે?

**જ. વીતરાગ માર્ગ મુક્તિપ્રદ, કલ્યાણકારી છે.**

૩. અનંગકેતુ અને અનેક એટલે શું?

**જ. અનંગકેતુ – વિકારનો નાશ કરવામાં કેતુ ગ્રહ સમાન. અનેક – ગુણ પર્યાયની અપેક્ષાએ.**

**જય – જિનેન્દ્ર**